તા.:૨૩/૦૨/૨૦૨૩ ના રોજ મળેલ કારોબારી કમીટીની કાર્યનોધ...

-----------------------------------------------------------------------------------------------

કા. સ. ઠ. નં.-૨૮૭ / તા.: ૨૩-૦૨- ૨૦૨૩.

.....................................................................................................................

કામ નં.-૧.

વિષય :- સને :૨૦૨૩-૨૪ના વર્ષમાં બાંધકામ મટીરીયલ્સ સપ્લાય કરવાના કામના ટેન્ડર મંજુર કરવા બાબત.

ઠરાવ.:

આ કામ કમિટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યુ કે,વલસાડ નગરપાલિકાના જાહેર બાંધકામ શાખામાં : ૨૦૨૩-૨૪ ના વર્ષ માટે વલસાડ નગરપાલિકા હદમાં બાંધકામ મટીરીયલ્સ સપ્લાય કરવાના કામે ઓનલાઈન  ટેન્ડરો મંગાવવા માટે માહિતી ખાતા મારફતે દૈનિક પેપરમાં જાહેરાત પ્રસિધ્ધ કરવામાં આવેલ,(ટેન્ડર આઈ.ડી.નં.૫૬૯૭૩૪ ) જેમાં મુદ્દત દરમ્યાન કુલ-૦૨ ટેન્ડરો આવેલ છે. સદરહું આવેલ ટેન્ડર ડોક્યુમેન્ટ તા.:૨૭-૦૧-૨૦૨૩ ના રોજ ખુલ્લા કરવામાં આવેલ છે. અને સદરહું ટેન્ડરરોના આવેલ ડોક્યુમેન્ટ કિષ્ના કન્સલ્ટન્ટ, આણંદ દવારા ચકાસણી કરતાં આવેલ ટેન્ડરરો ક્વોલીફાઈડ થયેલ છે. જે ક્વોલીફાઈડ થયેલ ટેન્ડરરો ઓનલાઈન ટેન્ડરો તા.:૦૧-૦૨-૨૦૨૩ ના રોજ ખુલ્લા કરવામાં આવેલ છે. સદરહું ખુલ્લા કરવામાં આવેલ ટેન્ડરોનું તુલનાત્મક પત્રક જોતાં ટેન્ડરરશ્રી ભરતકુમાર એ. ઓડેદરા, વલસાડના ભાવો ઓછા આવેલ છે. પરંતુ સદરહું આવેલ ભાવો અન્વયે જરૂરી નેગોશીએશન કરવાની જરૂરિયાત હોય, સદરહું કામે અત્રેની કચેરી પત્ર જાવક નં.-૮૫૩/તા.:૦૪-૦૨-૨૦૨૩ થી એજન્સીને જરૂરી નેગોશીએશન માટે પત્રવ્યવહાર કરવામાં  આવેલ. જે અન્વયે એજન્સીના તા.:૦૪-૦૨-૨૦૨૨ ના રોજના પત્રથી નેગોશીએશન બાદના  આવેલ ભાવો મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ. મંજુર..

કા. સ. ઠ. નં.-૨૮૮/ તા.: ૨૩-૦૨-૨૦૨૩.

.................................................................................................................................

<u>કામ નં.-૨ .</u>

<u>વિષય</u> :-સને:૨૦૨૩-૨૪ના વર્ષ માટે નગરપાલિકા હદમાં જે તે પ્રકારના વિકાસલક્ષી કામો તેમજ સ્વભંડોળના કામોના એસ્ટીમેઈટ બનાવવા, તાંત્રિક તેમજ વહીવટી મંજુરી મેળવવા, ટેન્ડર બનાવી અપલોડ કરવાની કામગીરી, કામગીરીના સ્થળ ઉપર ફૂલ ટાઇમ સુપરવિઝન તેમજ બીલીંગ, વિગેરે માટે પ્રોજેક્ટ મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ અંગેના કામના ટેન્ડર મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.:</u>

આ કામ કમિટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યુ કે, સને:૨૦૨૩-૨૪ના વર્ષ માટે વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં જે તે પ્રકારના વિકાસલક્ષી કામો તેમજ નગરપાલિકા સ્વભંડોળના કામોના એસ્ટીમેઈટ બનાવવા, તાંત્રિક તેમજ વહીવટી મંજુરી મેળવવા ટેન્ડર બનાવી અપલોડ કરવાની કામગીરી, તેમજ કામગીરીના સ્થળ ઉપર ફૂલટાઈમ સુપરવિઝન તેમજ બિલીંગ, વિગેરે આનુષાંગીક તમામ કામગીરી કરવા માટે પ્રોજેક્ટ મેનેજમેન્ટ કન્સલ્ટન્ટની પેનલ બનાવવાના કામે એજેન્સીઓ પાસેથી ઈ-ટેન્ડર મંગાવવાના કામે માહિતી ખાતા મારફતે દૈનિક પેપરમાં જાહેરાત પ્રસિધ્ધ કરવામાં આવેલ. (ટેન્ડર આઈ.ડી.નં.૫૬૯૭૩૪) જેમાં કુલ-૦૭ એજન્સીઓના ટેન્ડર ડોક્યુમેન્ટ આવેલ. જેમાં કુલ-૦૬ ટેન્ડરરોના મુદ્દત દરમ્યાન અને ૦૧ ટેન્ડરરનું મુદ્દત બહાર ટેન્ડર ડોક્યુમેન્ટ જેથી મુદ્દત દરમ્યાન આવેલ ટેન્ડરરોનું ટેન્ડર ડોક્યુમેન્ટ તા.:૨૭-૦૧-૨૦૨૩ના રોજ ખુલ્લા કરવામાં આવેલ છે.અને ખુલ્લા કરેલ ટેન્ડર ડોક્યુમેન્ટની ચકાસણી કરતાં ૦૧ ટેન્ડર ડોક્યુમેન્ટ ક્વોલીફાઈડ થયેલ નથી અને કુલ-૦૫ ટેન્ડરરોના ટેન્ડર ડોક્યુમેન્ટ ક્વોલીફાઈડ થયેલ છે. જેથી ક્વોલીફાઈડ થયેલ ટેન્ડરરોના ઓનલાઈન ટેન્ડર તા.:૦૪-૦૨-૨૦૨૩ ના રોજ ખુલ્લા કરવાની કાર્યવાહી કરતાં ક્વોલીફાઈડ થયેલ ટેન્ડર તેમજ અન્ય એક

ટેન્ડરરનું બીડ આવેલ, પરંતુ સદરહું એક ટેન્ડરર દવારા અત્રે ટેન્ડર ડોક્યુમેન્ટ આવેલ નહી હોવાથી સદરહું ટેન્ડર બીડ ખુલ્લુ કરવામાં આવેલ ન હોય, અને ક્વોલીફાઈડ થયેલ કુલ-૦૫ ટેન્ડરરોના ટેન્ડર બીડ ખુલ્લા કરવામાં આવેલ, જેથી ખુલ્લા કરવામાં આવેલ ટેન્ડરોનું તુલનાત્મક પત્રક જોતાં ટેન્ડરશ્રી વિશ્વકર્મા કન્સલ્ટન્ટસી સર્વિસ પ્રા.લિ.વડોદરાનું L1, તરીકે ટેન્ડર આવેલ છે.

વધુમાં ક્વોલીફાઈડ થયેલ એજન્સીઓ દવારા આજદિન સુધી કરવામાં આવેલ કામગીરી બાબતે જરૂરી પ્રેઝન્ટેશન સાથે નગરપાલિકા કચેરીએ હાજર રહેવા જણાવેલ, જે અન્વયે ચીફઓફીસર દવારા જરૂરી પ્રેઝન્ટેશન રજુ કરેલ.અને જેમાં એજન્સીશ્રી સ્થપતિ ડીઝાઇનર્સ એન્ડ કન્સલ્ટન્ટ પ્રા.લિ.,નવસારીનો તા.:૦૬-૦૨-૨૦૨૩ નો પત્ર તેમજ એજેન્સીશ્રી ક્રિષ્ના કન્સલ્ટન્ટ, આણંદનો તા.:૦૭-૦૨-૨૦૨૩ ના પત્રમાં જણાવ્યા મુજબ ઉપરોક્ત કામે L1 એજન્સીના આવેલ ભાવોથી કામગીરી કરવાની સંમતી આપેલ છે. જેથી L1 એજન્સીના આવેલ નીચા ભાવો મંજુર કરવા તેમજ એજન્સીશ્રી સ્થપતિ ડીઝાઇનર્સ એન્ડ કન્સલ્ટન્ટ પ્રા.લિ.,નવસારી અને એજન્સીશ્રી ક્રિષ્ના કન્સલ્ટન્ટ, આણંદ દવારા આપવામાં આવેલ સંમતિપત્ર મુજબ L1 એજન્સીના આવેલ ભાવોથી કામગીરી કરવા માટે L1, L2, અને L3ને રાખી, જરૂરી નીચે મુજબના પેનલ કન્સલ્ટન્ટસી બનાવવા આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

| અ.ન. | કન્સલ્ટન્ટનું નામ | મંજુર ભાવ |
|---|---|---|
| L1 | વિશ્વકર્મા કન્સલ્ટન્ટસી સર્વિસ પ્રા.લિ.વડોદરા | 1.98% |
| L2 | સ્થપતિ ડીઝાઇનર્સ એન્ડ કન્સલ્ટન્ટ પ્રા.લિ. નવસારી | 1.98% |
| L3 | ક્રિષ્ના કન્સલ્ટન્ટ, આણંદ | 1.98% |

સ.મ.મંજુર..

કા. સ. ઠ. નં.-૨૮૯ / તા.: ૨૩-૦૨- ૨૦૨૩.

.........................................................................................................................

કામ નં.-૩.

વિષય :- ના.સરકારશ્રીની ૧૫મું નાણાપંચ (૨૦૨૦-૨૧ )હેઠળ વલસાડ નગરપાલિકા હદમાં જુદા જુદા સ્થળોએ પેવર બ્લોક બેસાડવાના કામના ટેન્ડર મંજુર કરવા બાબત..

ઠરાવ.:

આ કામ કમિટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યુ કે, નામદાર સરકારશ્રીની ૧૫મું નાણાપંચ યોજના (૨૦૨૦-૨૧) હેઠળ વલસાડ નગરપાલિકા હદમાં જુદા-જુદા સ્થળોએ પેવરબ્લોક બેસાડવાના કામે નાયબ માહિતી ખાતા મારફતે દૈનિક પેપરમાં બહોળી પ્રસિધ્ધી કરાવી ઓનલાઈન ટેન્ડરીંગ (ટેન્ડર આઈ.ડી.નં-૫૭૩૦૪૦) કરવામાં આવતા મુદ્દત દરમ્યાન કુલ-૦૫ ટેન્ડરો આવેલ છે. સદરહુ કામો અન્વયે આવેલ ટેન્ડરોનું આવેલ ટેન્ડર ડોકયુમેન્ટ તા.૦૯-૦૨-૨૦૨૩ ના રોજ ખુલ્લા કરવામાં આવેલ છે. અને સદરહુ ટેન્ડરરોના આવેલ ડોકયુમેન્ટ કન્સલટન્ટશ્રી ક્રિષ્ણા કન્સલટન્ટ , આણંદ દ્વારા ચકાસણી કરતાં ૦૧(એક) ટેન્ડરરો ક્વોલીફાઇડ થયેલ નથી. જેથી ક્વોલીફાઇડ થયેલ ૦૪(ચાર) ટેન્ડરરોના ઓનલાઈન ટેન્ડર બીડ તા.૧૦-૦૨-૨૦૨૩ના રોજ ખુલ્લા કરવામાં આવેલ છે. સદરહુ ખુલ્લા કરવામાં આવેલ ટેન્ડરમાં તુલનાત્મક પત્રક જોતાં, એકંદરે મે.રાજપુત કન્સ્ટ્રકશન ,સુરેન્દ્રનગરનું ટેન્ડર એસ્ટીમેઈટ ની રકમ રૂ|.૧૨,૯૮,૪૨૭/-થી ૨૧.૮૫%નીચા ભાવથી આવેલ રકમ રૂ |.૧૦,૧૪,૭૨૦.૭૦/- પુરાનું ટેન્ડર આવેલ છે. સદરહુ ૨૧.૮૫% નીચા ભાવોનું આવેલ ટેન્ડર મંજુર કરી, કામગીરી કરાવવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા. સ. ઠ. નં.-૨૯૦/ તા.: ૨૩-૦૨- ૨૦૨૩.

..................................................................................................................................

<u>કામ નં.-૪.</u>

<u>વિષય</u> :- ના.સરકારશ્રીની ૧૫મું નાણાપંચ (૨૦૨૦-૨૧ )હેઠળ વલસાડ નગરપાલિકા હદમાં જુદા જુદા સ્થળોએ વરસાદી ગટર, ડ્રેનેજ લાઈન નાખવાના કામના ટેન્ડર મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.:</u>

આ કામ કમિટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યુ કે, નામદાર સરકારશ્રીની ૧૫મું નાણાપંચ યોજના (૨૦૨૦-૨૧) હેઠળ વલસાડ નગરપાલિકા હદમાં જુદા-જુદા સ્થળોએ વરસાદી ગટર તેમજ ડ્રેનેજ લાઇન નાખવાના કામે નાયબ માહિતી ખાતા મારફતે દૈનિક પેપરમાં બહોળી પ્રસિધ્ધી કરાવી ઓનલાઈન ટેન્ડરીંગ (ટેન્ડર આઈ.ડી.નં-૫૭૩૦૪૩) કરવામાં આવતા મુદ્દત દરમ્યાન કુલ-૦૪ ટેન્ડરો આવેલ છે. સદરહુ કામો અન્વયે આવેલ ટેન્ડરોનું આવેલ ટેન્ડર ડોકયુમેન્ટ તા.૦૯-૦૨-૨૦૨૩ ના રોજ ખુલ્લા કરવામાં આવેલ છે. અને સદરહુ ટેન્ડરરોના આવેલ ડોકયુમેન્ટ કન્સ્લટન્ટશ્રી ક્રિષ્ણા કન્સ્લટન્ટ , આણંદ દ્વારા ચકાસણી કરતાં ૦૧(એક) ટેન્ડરરો ક્વોલીફાઇડ થયેલ નથી. જેથી ક્વોલીફાઇડ થયેલ ૦૩(ત્રણ) ટેન્ડરરોના ઓનલાઈન ટેન્ડર બીડ તા.૧૦-૦૨-૨૦૨૩ ના રોજ ખુલ્લા કરવામાં આવેલ છે. સદરહુ ખુલ્લા કરવામાં આવેલ ટેન્ડરમાં તુલનાત્મક પત્રક જોતાં એકંદરે શાંતિલાલ કે.બારીયા , અબ્રામા, વલસાડનું ટેન્ડર એસ્ટીમેઈટની રકમ રૂ ।.૩૧,૧૯,૩૦૦/-થી ૫.00% ઉચા ભાવથી આવેલ રકમ રૂ ।.૩૨,૭૫,૨૬૫/- પુરાનું ટેન્ડર આવેલ છે. L1, એજન્સીને જરૂરી નેગોશીએશનમાં બોલાવતા, તા.:૨૨/૦૨/૨૦૨૩ ના એજન્સી શ્રી શાંતિલાલ કે. બારિયા, અબ્રામા, વલસાડના પત્રમાં જણાવ્યા મુજબ 5% ભાવ ઓછા કરી, સદરહું

કામગીરી માટે S.O.R. મુજબના ભાવોથી કામગીરી કરવા સંમતી આપેલ હોય, નેગોશીએશન બાદના આવેલ ભાવો મંજુર કરી, કામગીરી કરાવવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા. સ. ઠ. નં.-૨૯૧ / તા.: ૨૩-૦૨- ૨૦૨૩.

.......................................................................................................................

<u>કામ નં.-૫.</u>

<u>વિષય</u> :- ના.સરકારશ્રીની જીલ્લા આયોજન મંડળ ધારાસભ્યશ્રી ફંડ (૨૦૨૨-૨૩ )હેઠળ વલસાડ નગરપાલિકા હદમાં તીથલ રોડ વિસ્તારમાં ડામર રોડ બનાવવાના કામના ટેન્ડર મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.:</u>

આ કામ કમિટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યુ કે, નામદાર સરકારશ્રીની જિલ્લા આયોજન મંડળ હેઠળ માન.ધારાસભ્યશ્રી ગ્રાન્ટ (૨૦૨૨-૨૩)હેઠળ વલસાડ નગરપાલિકા હદમાં ડામર રોડ બનાવવાના કામે નાયબ માહિતી ખાતા મારફતે દૈનિક પેપરમાં બહોળી પ્રસિધ્ધી કરાવી ઓનલાઈન ટેન્ડરીંગ (ટેન્ડર આઈ.ડી.નં-૫૭૩૦૧૨) કરવામાં આવતા મુદ્દત દરમ્યાન ફક્ત કુલ-૦૨ ટેન્ડરો આવેલ છે. સદરહુ કામે આવેલ ટેન્ડર ડોક્યુમેન્ટ તા.૦૯-૦૨-૨૦૨૩ ના રોજ ખુલ્લા કરવામાં આવેલ. સદરહુ ખુલ્લા કરવામાં આવેલ ટેન્ડર ડોક્યુમેન્ટ કન્સ્લટન્ટશ્રી ક્રિષ્ણા કન્સ્લટન્ટ , આણંદ દ્વારા ચકાસણી કરતાં ક્વોલીફાઇડ થયેલ હોય, જેથી સદરહુ આવેલ ટેન્ડરરનું ઓનલાઈન ટેન્ડર બીડ તા.૧૦-૦૨-૨૦૨૩ ના રોજ ખુલ્લા કરવામાં આવેલ છે. સદરહુ ખુલ્લા કરવામાં આવેલ ટેન્ડરનું તુલનાત્મક પત્રક જોતાં ટેન્ડરરશ્રી મે.ભાવિન કન્સ્ટ્રકશન કંપની , વડોદરાનું ટેન્ડર એસ્ટીમેઈટની રકમ રૂ ।.૧૨,૯૪,૦૧૭/- થી ૨૨.00% ઉચા ભાવથી આવેલ રકમ રૂ ।.૧૫,૭૮,૭00.૭૪/- પુરાનું ટેન્ડર આવેલ છે. સદરહુ આવેલ ભાવો ખુબજ હોય , જેથી આવેલ ભાવોને ધ્યાને લઈ એજન્સી સાથે જરૂરી નેગોશીએશન કરવાની જરૂરીયાત હોય , સદરહું એજન્સી સાથે નેગોશીએશન કરતાં ૨૧%ઉચા ભાવથી કામગીરી કરવા સંમત હોય, ૨૧% ઉંચા ભાવથી કામગીરી

કરવા સંમતી આપેલ છે.જે અંગે જરૂરી મંજુરી માટે પ્રાદેશિક કમિશ્નરશ્રી, સુરતને જરૂરી પત્રવ્યવહાર કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા. સ. ઠ. નં.-૨૯૨ / તા.: ૨૩-૦૨- ૨૦૨૩.

........................................................................................................................

<u>કામ નં.-૬ .</u>

<u>વિષય</u> :- મ્યુની.હોસ્પિટલમાં શ્રીમતી સુહાસિની જયાનંદ વસાવા સ્ટાફ નર્સ તરીકે ૧૧ માસના કરાર આધારિત ફરજ બજાવે છે..તેમની નિમણુંકની મુદત તા.:૧૩-૦૨-૨૦૨૩ ના રોજ પૂર્ણ થતી હોય,વધુ અગિયાર (૧૧)માસ માટે ફિક્સ પગાર ઉપર કરાર આધારિત નિમણુંક આપવા બાબત..

<u>ઠરાવ.:</u>

આ કામ કમિટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યુ કે, વલસાડ નગરપાલિકા સંચાલિત મ્યુની.હોસ્પિટલમાં શ્રીમતી સુહાસિની જયાનંદ વસાવા સ્ટાફ નર્સ તરીકે ૧૧ માસના કરાર આધારિત ફરજ બજાવે છે..તેમની કરાર નિમણુંકની મુદત તા.:૧૩-૦૨-૨૦૨૩ ના રોજ પૂર્ણ થતી હોય, જે સંદર્ભે તેમને હો.જા.નં.૭/ તા.:૦૩-૦૨-૨૦૨૩ના રોજ કરારની મુદત પૂર્ણ થવા અંગે ફરજમાંથી છુટા થવા અંગે નોટીશ પાઠવવામાં આવેલ છે. વધુમાં અરજદાર મ્યુની.હોસ્પીટલમાં તેઓ ૧૦વર્ષથી કરાર આધારિત ફિક્સ પગાર ઉપર નોકરી કરતાં આવેલ છે તેમજ મ્યુની. હોસ્પીટલમાં સૌથી સીનીયર નર્સ તરીકે ફરજ બજાવે છે. જેઓની તા.:૧૩-૦૨-૨૦૨૩ના રોજ મુદત પૂર્ણ થતી હોય, ૭(સાત) દિવસનો બ્રેક આપી, તેમને વધુ અગિયાર(૧૧)માસ માટે ફિક્સ પગાર ઉપર કરાર આધારિત નિમણુંક આપવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા. સ. ઠ. નં.- ૨૯૩ / તા.: ૨૩-૦૨- ૨૦૨૩.

..................................................................................................................................

<u>વ.કા.નં.-૧.</u>

<u>વિષય</u> :- મિ.નં.૪/૬૪૮વાળી મિલકતના ભોગવટામાંથી નામ કમી  કરવા બાબત..

<u>ઠરાવ.:</u>

સુપ્રિટેન્ડેન્ટશ્રી,ડાયરેક્ટ ટેક્ષીસ, તથા ચીફ ઓફીસરશ્રીના રીપોર્ટ વંચાણે લેવામાં આવ્યો.ખંડુજી ટેકરા વિસ્તારમાં આવેલ મિ.નં.૪/૬૪૮,જે મ્યુની.દફતરે મોઘીબેન તે કરશનભાઈ નારણભાઈની વિધવાના નામે ચાલે છે. તે મિલકતમાં ભાડૂત તરીકે ભોગવટામાં મોહનલાલ ગોરધનદાસ કંસારાનું નામ ચાલે છે. તે મિલકતના કબજા બાબતે વલસાડ સિવિલ કોર્ટમાં કેસ ચાલતો હતો. પરંતુ અરજદાર અને ભાડુત વચ્ચે સમાધાન થયેલ હતું. તે બાબતનું લખાણ કોર્ટમાં રજુ કરેલ હતું. અને ઉપરોક્ત નંબરની મિલકતનો કબજો મકાન માલિકને સોપવા બાબતનું લખાણ કરી આપેલ હતું. અરજદારે રજુ કરેલ કોર્ટનો હુકમ તથા અરજીને આધારે ભાડૂઆત મોહનલાલ ગોરધનદાસ કંસારાનું નામ ભોગવટામાંથી કમી કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા. સ. ઠ. નં.- ૨૯૪ / તા.: ૨૩-૦૨- ૨૦૨૩.

......................................................................................................................................

<u>વ.કા.નં.-૨ .</u>

<u>વિષય</u> :- વલસાડ નગરપાલિકા હસ્તક ચાલતા શ્રી મોરારજી દેસાઈ ઓડીટોરીયમ હોલ ઈ-નગર મોડ્યુલમાં બુકિંગ માટેની નિયમો / શરતો નક્કી કરવા અંગે જરૂરી નિર્ણય કરવા બાબત..

<u>ઠરાવ.:</u>

આ કામ કમિટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકા હસ્તક ચાલતા શ્રી મોરારજી દેસાઈ ઓડીટોરીયમ હોલ ઈ-નગર મોડ્યુલમાં બુકિંગ માટેની નિયમો / શરતો અને બોલીઓ નીચે જણાવ્યા મુજબ નક્કી કરવાનું મંજુર કરી, આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

<u>મોરારજી દેસાઈ ઓડિટોરિયમના નિયમો/શરતો અને બોલીઓ.</u>

(૧) નિયત નમૂનામાં ઓછામાં ઓછા પંદર દિવસ અગાઉ અરજી કરવાની રહેશે.

(૨) અરજી સાથે નિયત કરેલી પૂરેપુરી ફી તથા ડીપોઝીટ જમા કરાવવાની રહશે.

(૩) વહેલા તે પહેલાના ધોરણે બુકિંગ કરવામાં આવશે.

(૪) કુદરતી આફત , અશાંતિ જેવા આકસ્મિક સંજોગોમાં કાર્યક્રમ બંધ રાખવા પડે ત્યારે અરજદારની અરજી સંદર્ભે હકીકત તપાસી પુરેપુરી રકમ પાછી આપી શકાશે.

(૫) ઓડિટોરિયમ ભાડે રાખનાર કોઈ બીજાને પેટા ભાડે આપી શકશે નહી.

(૬) મનોરંજન કરનું લાયસન્સ , પોલીસ પરવાનગી તેમજ રાજ્ય સરકારના વખતો વખતના નિયમોનું પાલન કરવાની જવાબદારી અરજદારની રહેશે.

(૭) ઓડિટોરિયમ કોઈપણ પ્રકારનું નુકશાન થશે તેવા સંજીગોમાં મુખ્ય અધિકારી અને સમિતિ નક્કી કરશે તે રકમ અનામતમાંથી કાપી લેવામાં આવશે. અનામતની રકમ કરતાં વધુ નુકશાની હશે તો અરજદાર ભરપાઈ કરવા બંધનકર્તા રહેશે.

(૮) ઓડિટોરિયમનો કબજો લેતા પહેલા ચીજ વસ્તુઓ ચેક કરી આપવાની રહેશે.

(૯) ઓડિટોરિયમમાં કાર્યક્રમ દરમ્યાન નિયુક્ત અધિકારીશ્રી / પદાધિકારીશ્રી મુલાકાત લઈ શકશે. તેમાં આયોજકે સાથ સહકાર આપવાનો રહેશે.

(૧૦) આકસ્મિક સંજોગોમાં/અકસ્માત પ્રસંગોએ ઓડિટોરિયમ થતા નુકશાન માટે નગરપાલિકા જવાબદાર રહેશે નહી.

(૧૧) કાર્યક્રમના બે કલાક અગાઉ સામગ્રી મૂકવા દેવામાં આવશે અને પૂર્ણ થયા બાદ એક કલાકમાં સામગ્રી ખસેડવાની જવાબદારી અરજદારની રહેશે. તેમ ન થતાં આખા દિવસનું ભાડુ વસુલ કરવામાં આવશે.

(૧૨) ઓડિટોરિયમના મુખ્ય પડદા કે ઝાલર ઉપર કોઈપણ પ્રકારનું સુશોભન, પ્રદર્શન, બેનર અથવા બોર્ડ લગાડી શકાશે નહી.

(૧૩) સ્ટેજ પ્રકાશ ,સાઉન્ડ, એરકન્ડીશનીંગ ઈત્યાદીની કાર્યક્રમ સુવિધાઓથી ઓડિટોરિયમ સુસજ્જ છે પરંતુ કોઈ ટેકનીકલ કારણોસર નિષ્ફળતા કે બગાડ થવાના પ્રસંગે નગરપાલિકા જવાબદાર ગણાશે નહી.

(૧૪) ઓડિટોરિયમમાં ધુમ્રપાન/વ્યસન/જવલનશીલ પદાર્થ લઈ જવા પર સખત મનાઈ છે.

(૧૫) કોઈપણ સંસ્થાનો કાર્યક્રમ જે તારીખે હશે તે દિવસે અન્ય કોઈપણ સંસ્થા પોતાના કાર્યક્રમનું બેનર ટાઉનહોલના પ્રવેશ દ્વાર અથવા કેમ્પસમાં લગાવી શકશે નહી તથા ટીકીટોનું વેચાણ કરી શકશે નહી. અન્ય સંસ્થાએ બહાર રોડસાઈડ પર બેનર લગાવવાનું રહેશે.

(૧૬) નીચે મુજબ :

| અનુ.નં. | વિગત | દર રૂ. |
|---|---|---|
| ૧ | ધંધાકિય હેતુસર | રૂ.૧૦૦૦૦/- |
| ૨ | શૈક્ષણિક હેતુસર | રૂ.૧૦૦૦૦/- |
| ૩ | એન.જી.ઓ.,જાહેર સાહસો અને અન્ય સંસ્થા દ્વારા આયોજીત સેમિનાર, શિબિર, સત્સંગની વિચાર ગોષ્ઠી વિગેરેના કાર્યક્રમ | રૂ.૧૦૦૦૦/- |
| ૪ | સમય મર્યાદા વધુમાં વધુ ચાર કલાક વધારાના દર કલાકે+ટેક્ષ (છ કલાકથી વધુ નહીં) | રૂ.૨૦૦૦/- |
| ૫ | સતત પંદર કે તેથી વધુ દિવસો માટે ધંધાકિય હેતુસર હોય | રૂ.૧૦૦૦૦/- |
| ૬ | સરકારી તથા જિલ્લા સમાહર્તાના સીધા માર્ગદર્શન હેઠળ થતા કાર્યક્રમો/મીટીંગ માટે | રૂ.૧૦૦૦૦/- |
| ૭ | લાઇટ બીલ પ્રતિ યુનિટ | રૂ.૨૦/- |
| ૮ | પ્રોજેક્ટર તથા દીવાલ ઉપર લગાવેલ સ્ક્રીનનું ભાડું | રૂ.૨૦૦૦/- |
| ૯ | સફાઈ ચાર્જ | રૂ.૧૦૦૦/- |

૧૦. અરજદારે રૂપિયા ૨૫ હજાર ડીપોઝીટ જમા કરાવવાની રહેશે.

૧૧. જો અરજદાર જાતે ૪૮ કલાક પહેલા પ્રોગ્રામ રદ કરશે તો ભાડાની રકમના ૧૦% રકમ ડીપોઝીટમાંથી વસુલ કરવામાં આવશે. અને ૨૪ કલાક પહેલા રદ કરશે તો ભાડાની રકમના ૫૦% રકમ ડીપોઝીટમાંથી વસુલ કરવામાં આવશે.

૧૨. સરકારશ્રી દ્વારા કે નગરપાલિકા દ્વારા કોઈ આકસ્મિક કારણોસર હોલનો ઉપયોગ કરવાનો થાય તેવા સંજોગોમાં આપેલ હોલનું બુકીંગ નગરપાલિકા રદ કરી શકશે અને તે બાબતે અરજદારે કોઈ તકરાર કરવાની રહેશે નહી.

૧૩. હોલનો વીજભાર સીમીત હોય , વધારાનો વીજલોડ આપવામાં આવશે નહી.

સ.મ.મંજુર..

કા. સ. ઠ. નં.- ૨૯૫/ તા.: ૨૩-૦૨-૨૦૨૩.

.......................................................................................................................................

વ.કા.નં.-૩.

વિષય :- વલસાડ નગરપાલિકાના વહીવટી શાખામાં મેટલ રેક મુકવા અંગેના આવેલ ભાવો મંજુર કરવા બાબત..

ઠરાવ.:

આ કામ કમિટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકાના વહીવટી શાખામાં ફાઈલો મુકવા માટે મેટલ રેકની જરૂરિયાત ઉપસ્થિત થયેલ છે. જેના માટે સ્થાનિક એજન્સીઓ પાસેથી ત્રણ ભાવો મંગાવેલ છે. જે મંગાવેલ ભાવપત્રકો તા.:૨૩-૦૨- ૨૦૨૩ના રોજ મળેલ કારોબારી કમિટીમાં ખુલ્લા કરવામાં આવેલ છે. જેનું તુલનાત્મક પત્રક નીચે મુજબ બનાવેલ છે.

| અ.નં. | એજન્સીનું નામ /સરનામું | સાઈઝ | ભાવ-<br>૧.નંગ | રીમાર્કસ |
|---|---|---|---|---|
| ૧ | મારૂતિ ટ્રેડર્સ, ધરમપુર રોડ,વલસાડ. | ૧૫x૩૬x૭૨ | ૩૭૦૦/- | |
| ૨ | શ્રી લક્ષ્મી ફર્નિચર, શાકભાજી માર્કેટ, વલસાડ. | ૧૫x૩૬x૭૨ | ૩૯૦૦/- | |
| ૩ | વી. કે. ટ્રેડર્સ, અબ્રામા, વલસાડ. | ૧૫x૩૬x૭૨ | ૪૧૩૦/- | |

ઉપરોક્ત આવેલ મેટલ રેકના ભાવોનું તુલનાત્મક પત્રક જોતાં એકંદરે એજન્સીશ્રી મારૂતિ ટ્રેડર્સ, ધરમપુર રોડ,વલસાડના રૂ.૩૭૦૦/-અંકે રૂપિયા ત્રણ હજાર,

સાતસો, સૌથી નીચા ભાવો આવેલ છે. સદરહુ નીચા આવેલ ભાવો એજન્સીશ્રી મારૂતિ ટ્રેડર્સ, ધરમપુર રોડ, વલસાડના  મંજૂર કરી, સદરહું એજન્સી પાસે જરૂરીયાત મુજબ રેક ખરીદી કરવાનું મંજુર કરવા તેમજ ખરીદી કર્યા બાદ આવતાં બિલનો ખર્ચ મંજુર કરવા ચીફ ઓફીસરશ્રીને સત્તા આપવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા. સ. ઠ. નં.- ૨૯૬/ તા.:૨૩-૦૩- ૨૦૨૩

..............................................................................................................................

વ.કા.નં.-૪.

વિષય:- " ટી. વી. રીલે કેન્દ્ર વિસ્તાર થઇ નનકવાડા ગ્રામ પંચાયત સુધી (સી.બી.હાઇસ્કુલ, મિશન કોલોની, મહાદેવ નગરના વરસાદી પાણીના નિકાલ માટે ) " ના કામ બાબત...

ઠરાવ.:

વલસાડ નગરપાલિકા- હદમાં વોર્ડ નં.- ૯ માં આવેલ હાલર, ટી.વી.રીલે કેન્દ્ર વિસ્તારમાં ચોમાસા દરમ્યાન વરસાદી પાણીનો ભરાવો થતો હોય છે. જેના નિકાલની વ્યવસ્થા કરવાની જરૂરિયાત હોય, સદરહું " ટી.વી.રીલે કેન્દ્ર વિસ્તાર થઇ નનકવાડા ગ્રામ પંચાયત સુધી (સી.બી.હાઇસ્કુલ, મિશન કોલોની, મહાદેવ નગરના વરસાદી પાણીના નિકાલ માટે)ની કામગીરી, આવનાર ગ્રાન્ટમાંથી, રૂ.૫૦/-(પચાસ લાખ)ની મર્યાદામાં કામગીરી મંજુર કરી, સદરહું કામગીરી કરવા માટેની જરૂરી આગળની કાર્યવાહી કરાવવા અંગેની સત્તા,ચીફ ઓફીસરશ્રી, વલસાડ નગરપાલિકાને આપવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા. સ. ઠ. નં.- ૨૯૭ / તા.: ૨૩-૦૨- ૨૦૨૩.

........................................................................................................................................

<u>વ.કા.નં.-૫ .</u>

<u>વિષય</u> :- શાકભાજી માર્કેટ, વિસ્તારમાં આવેલ ૧૨૦ આવાસ બિલ્ડીંગ બાબત..

<u>ઠરાવ.:</u>

આ કામ કમિટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ શાકભાજી માર્કેટ, ૧૨૦ આવાસ  બિલ્ડીંગ ઘણીજ  જૂની અને જર્જરીત  થઇ ગયેલ છે. અને ગમે ત્યારે પડે એવી સંભાવના છે. સદરહું ૧૨૦ આવાસ સાથે શાકભાજી માર્કેટ આવેલ છે. સદરહું માર્કેટમાં શાકભાજી વેચવાવાળાઓ આવતા હોય છે. તેમજ વલસાડ શહેરના તથા આજુબાજુના ગામોમાંથી હજારો લોકો શાકભાજી ખરીદી માટે આવતા-જતાં હોય છે. જેના કારણે આખા દિવસ દરમ્યાન લોકોની ભારે અવરજવર થતી રહેતી હોય છે. સદરહું જર્જરિત ઈમારતને  લીધે કોઈ મોટો અકસ્માત કે  કોઈ મોટી જાનહાની ન થાય તેવા શુભ આશયથી, સદરહું ૧૨૦- આવાસ બિલ્ડીંગમાં રહેતા ફ્લેટ ધારકોને ખાલી કરાવવા અંગે, દૈનિક પેપરમાં જાહેરાત આપી, નોટીશો પાઠવી, મિલકત ખાલી કરાવવા અંગેની જે કંઈપણ કાર્યવાહી કરાવવાની થતી હોય, તેવી તમામ કાર્યવાહી કરવાની જરૂરી સત્તા, ચીફ ઓફીસરશ્રી, વલસાડ નગરપાલિકાને આપવાનું ઠરાવવામાં આવે છે.

**સ.મ.મંજુર..**

સહી/-અવાચ્ય
( છાયાબેન યુ.પટેલ )
ચેરમેન
કારોબારી સમિતિ,
વલસાડ નગરપાલિકા.